Paper Code – 4073

M.A. Sem – 3 SOCIOLOGY (New Course)

Mar-Jun - 2021

CC-302 - SOCIOLOGY OF RELIGION (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1.ધર્મ અને સમાજ વચ્ચેના પારસ્પરિક સંબંધો સમજવાનો મુખ્ય હેતુ ક્યા શાસ્ત્રનો રહેલો જોવા મળે છે.?
(A) ધર્મનું સમાજશાસ્ત્ર (B)આદિવાસીનું સમાજશાસ્ત્ર (C) ગ્રામીણ સમાજશાસ્ત્ર (D) રાજકીય સમાજશાસ્ત્ર

2.ધર્મનું સમાજશાસ્ત્ર ક્યા શાસ્ત્રની શાખા છે.?
(A) મનોવિજ્ઞાન (B) અર્થશાસ્ત્ર (C) સમાજશાસ્ત્ર (D) નાગરીકશાસ્ત્ર

3.પવિત્રતા- અપવિત્રતાનો ખ્યાલ કોની સાથે સંકળાયેલો છે?
(A) વિજ્ઞાન (B) સમાજશાસ્ત્ર (C) ભાષા (D) ધર્મ

4.નીચેનામાંથી ધર્મનું સમાજશાસ્ત્ર કયો અભ્યાસ કરે છે?
(A) ધર્મ અને સમાજ (B) ધાર્મિક સંગઠનો (C) ધર્મ અને આર્થિક વિકાસ (D) બધાજ

5.જયારે કોઈ વસ્તુના આસ્તિત્વનો સ્વીકાર વિજ્ઞાનને માન્ય ન હોય તેવા આધારે કરવામાં આવે છે ત્યારે તેવી વસ્તુને શું કહેવાય?
(A) લૌકિક (B) અલૌકિક (C) વિજ્ઞાન (D) સમાજવિજ્ઞાન

6.કયું શાસ્ત્ર પ્રાકૃતિક અને સામાજિક એમ બધા વિજ્ઞાનોની જનની છે?
(A) દર્શનશાસ્ત્ર (B) પ્રાકૃતિકશાસ્ત્ર (C) સામાજિકશાસ્ત્ર (D) એકપણ નહીં

7.વ્યવહારુ બાબતોમાં અને વ્યવહારુ જીવનના માર્ગદર્શન માટેના સિદ્ધાંતોની વ્યસ્થા કોણ પૂરું પાડે છે?
(A) વિજ્ઞાન (B) અર્થશાસ્ત્ર (C) મનોવિજ્ઞાન (D) દર્શનશાસ્ત્ર

8.ધર્મ એ પવિત્ર વસ્તુઓ સાથે સંકળાયેલો શ્રદ્ધાઓ અને વિધિઓનો પરસ્પર સબંધિત સંકુલ છે.એવું વિધાન ક્યા સમાજશાસ્ત્રીએ આપ્યું છે?
(A) દુર્ખિમે (B) ઘુર્યે (C) શ્રીનિવાસે (D) એક પણ નહીં

9.માનવી ઉપર બાહ્ય અને આંતરિક નિયંત્રણો કોણ મુકે છે?
(A) વિજ્ઞાન (B) શાસ્ત્ર (C) ધર્મ (D) એક પણ નહીં

10.નીચેનામાંથી ધર્મના સમાજશાસ્ત્રનું કયું કાર્યક્ષેત્ર જોવા મળે છે.?
(A) ધાર્મિક સંગઠનો (B) આદિવાસી ધર્મ (C) ધર્મ અને સામાજિક પરિવર્તન (D) તમામ

11.પવિત્ર અને અપવિત્ર વસ્તુઓ(પ્રતીકો-સીમ્બોલ) વચ્ચેના ભેદને ધર્મનું હાર્દ ક્યા સમાજશાસ્ત્રીએ ગણાવ્યું છે?
(A) દુર્ખિમે (B) મેક્સ વેબરે (C) કાર્લ માર્કસે (D) એકપણ નહીં

12.ક્યા સમાજશાસ્ત્રીએ ઓસ્ટ્રેલિયન આદિવાસી ધર્મ સંસ્થાનો અભ્યાસ કરીને ધર્મનો કાર્યવાદી સિદ્ધાંત રજુ કર્યો છે?
(A) મદન (B) દુર્ખિમ (C) કાર્લ માર્ક્સ (D) મેક્સ વેબર

13.તર્કવાદની વિચારસરણી શેમાં જોવા મળતી નથી?
(A) દર્શનશાસ્ત્ર (B) ધર્મશાસ્ત્ર (C) સમાજશાસ્ત્ર (D) એક પણ નહીં

14.નીતિશાસ્ત્ર કોની શાખા છે?
(A) સમાજશાસ્ત્ર (B) અર્થશાસ્ત્ર (C) મનોવિજ્ઞાન (D) દર્શનશાસ્ત્ર

15.રાજ્યની ધારાસભા કે રાજકીય સત્તાએ ઘડેલા,અદાલતોએ સ્વીકારેલા ,અર્થઘટન કરેલા અમુક પરિસ્થિતિને ખાસ વ્યવસ્થાતંત્ર દ્વારા લાગુ પાડેલા નિયમોને શું કહેવાય?
(A) કાયદો (B) ધર્મ (C) ફેશન (D) ફતવો

16.ક્યા સમાજશાસ્ત્રીએ ધર્મનું ઘટનાશાસ્ત્રીય અર્થઘટન કરવામાં પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર અને મૂડીવાદ વચ્ચેનો સબંધ સ્પસ્ટ કર્યો છે?
(A) કાર્લ માર્કસે (B) મેક્સ વેબરે (C) દુર્ખિમે (D) એકપણ નહીં

17.. દુર્ખિમે ધર્મનું અર્થઘટન કઈ દ્રષ્ટિબિંદુથી કર્યું છે?
(A) રચાનાતંત્રવાદી (B) ભૌતિકવાદી (C) કાર્યાત્મકવાદી (D) એકપણ નહીં

18..સામાજિક વ્યવસ્થાની કોઈ એક કે વધુ સામાજિક જરૂરિયાતો પૂરી પાડવામાં ફાળો આપતા હોય તેવા વસ્તુલક્ષી પરિણામોને શું કહેવાય?
(A) કાર્યો (B) વિકાર્યો (C) વિઘટન (D) સમસ્યાઓ

19..કાયદાના મુખ્ય કેટલા પ્રકાર છે?
(A) 6 (B) 4 (C) 2 (D) એકપણ નહીં

20..ધર્મને લોકોનું અફીણ તરીકે કોણે ઓળખાવ્યું છે?
(A) દુર્ખિમે (B) મેક્સ વેબરે (C) કાર્લ માર્કસે (D) એકપણ નહીં

21.'જૂથજીવન એ જ ધર્મની ઉત્પત્તિનું મૂળભૂત પરિબળ છે' આ વિધાન ક્યા સમાજશાસ્ત્રીએ કહ્યું છે?
(A) કાર્લ માર્કસે (B) મેક્સ વેબરે (C) દુર્ખિમે (D) એકપણ નહીં

22.'બધીજ સામાજિક સંસ્થાઓનો પાયો ધર્મ છે' આ વિધાન ક્યા સમાજશાસ્ત્રીનું છે?
(A) કાર્લ માર્કસે (B) મેક્સ વેબરે (C) દુર્ખિમે (D) એકપણ નહીં

23.હિંદુ ધર્મમાં ક્યા પશુમાં સર્વ દેવો અને તીર્થોનો વાસ હોવાની માન્યતા છે?
(A) ભેંસ (B) બળદ (C) બકરી (D) ગાય

24.શીખ ધર્મના સ્થાપક કોણ છે?
(A) રામ (B) ઇસુ (C) ગૌતમ (D) ગુરુ નાનક

25.ધર્મને સામાજિક ક્રિયા ગણીને તેનું અર્થઘટન કરવામાં ધર્મનો કાર્ય-કરણ ખુલાસો કોણે આપ્યો છે?
(A) કાર્લ માર્કસે (B) મેક્સ વેબરે (C) દુર્ખિમે (D) એકપણ નહીં

26.ધર્મને સામાજિક તથ્ય ગણીને ધર્મનું સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી અર્થઘટન ક્યા સમાજશાસ્ત્રીએ કર્યું છે?
(A) કાર્લ માર્કસે (B) મેક્સ વેબરે (C) દુર્ખિમે (D) એકપણ નહીં
27. ધર્મનું દ્વન્દ્વાત્મક ભૌતિકવાદના સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી અર્થઘટન ક્યા સમાજશાસ્ત્રીએ કર્યું છે?
(A) દુર્ખિમે (B) મેક્સ વેબરે (C) કાર્લ માર્કસે (D) એકપણ નહીં
28.લેવી સ્ટ્રોસે ધર્મનું અર્થઘટન કઈ દ્રષ્ટિબિંદુથી કર્યું છે?
(A) રચાનાતંત્રવાદી (B) ભૌતિકવાદી (C) કાર્યાત્મકવાદી (D) એકપણ નહીં
29.વેદોની રચના કોને કરેલી હોવાની માન્યતા જોવા મળે છે?
(A) ઈશ્વરે (B) માણસે (C) સમાજે (D) એકપણ નહીં
30.પારસીઓનો પવિત્ર ગ્રંથ કયો છે?
(A) અવેસ્તા (B) બાઈબલ (C) કુરાન (D) ગીતા
31.આદિવાસી ધર્મમાં કઈ પૂજાનું વિશેષ મહત્વ છે?
(A) પ્રકૃતિ (B) માનવી (C) વૈજ્ઞાનિક (D) એકપણ નહીં
32.હિંદુ ધર્મમાં ઈશ્વરપ્રાપ્તિના કેટલા માર્ગો દર્શાવવામાં આવ્યા છે?
(A) 4 (B) 3 (C) 2 (D) 1
33.બૌદ્ધ ધર્મના સ્થાપક કોણ છે?
(A) ગૌતમ (B) રામ (C) શ્રીકૃષ્ણ (D) ઇસુ
34.ભારતમાં મુખ્યત્વે કેટલા ધર્મો છે?
(A) 32 (B) 25 (C) 16 (D) 8
35.ખ્રિસ્તી ધર્મનો પવિત્ર ગ્રંથ કયો છે?
(A) બાઈબલ (B) કુરાન (C) ગીતા (D) એકપણ નહીં
36.ઇસ્લામ ધર્મનો સ્ત્રોત કયો છે?
(A) બાઈબલ (B) કુરાન (C) ગીતા (D) એકપણ નહીં
37.આદિવાસી સમાજજીવનમાં ધર્મની સાથે મુખ્યત્વે શું સંકળાયેલ છે?
(A) પાપ (B) પુણ્ય (C) જાદુ (D) દાન
38.વિચારો,માન્યતાઓ અને મૂલ્યોનો સંકુલ એટલે....?
(A) વિચારસરણી (B) ભાષા (C) સમાજ (D) એકપણ નહીં
39.ચાર વેદો,બ્રાહ્મણગ્રંથો,આરણ્યકો,ઉપનિષદો,શ્રુતિઓ,ગૃહ્સત્રો,અને ધર્મ સુત્રો જેવા ધાર્મિક ગ્રંથોમાંથી ક્યા ધર્મની ઉત્પત્તિ થઇ છે?
(A) હિંદુ (B) જૈન (C) ખ્રિસ્તી (D) ઇસ્લામ
40. ખ્રિસ્તી ધર્મના સ્થાપક કોણ છે?
(A) ગૌતમ (B) રામ (C) શ્રીકૃષ્ણ (D) ઇસુ
41.વર્તન અંગેના નિયમો એટલે....?
(A) સમાજ (B) ધોરણો (C) શાસ્ત્ર (D) ભાષા
42. ભારત સરકારે મુસ્લિમો,શીખો,ખ્રીસ્તીઓ,બૌદ્ધો,પારસીઓ અને જૈનો એમ છ ધાર્મિક સમુદાયોને રાષ્ટ્રીય સ્તરે કેવા જાહેર કર્યા છે?
(A) બહુમતી (B) લઘુમતી (C) વિકસિત (D) અવિકસિત
43.સમાજના સંસ્થાકીય માળખામાં પાયાગત પરિવર્તન સૂચવતી પ્રક્રિયા એટલે....?
(A) આધુનિકરણ (B) સંસ્કૃતિકરણ (C) પશ્ચિમીકરણ (D) યાંત્રીકરણ
44.સમાજમાં પરસ્પર બહુમતી જૂથ અને લઘુમતી જુથનો દરજ્જો ધરાવતા જૂથોને શું કહેવાય?
(A) વ્યક્તિ (B) નગરો (C) ગામો (D) કોમ
45.ભારત કેવો દેશ છે?
(A) વિકસિત (B) વિકાસશીલ (C) પછાત (D) આધુનિક
46.ક્યા ધર્મમાં અહિંસા ધર્મનું હાર્દ ગણવામાં આવ્યું છે.?
(A) હિંદુ (B) ખ્રિસ્તી (C) ઇસ્લામ (D) જૈન
47.કોઈ વ્યક્તિ કે જૂથ જયારે પોતાનાં ધાર્મિક કે ભાષાકીય જુથોથી અલગ એવું સામાજિક અને રાજકીય એકમ ગણે અને અન્ય જુથોથી પોતાના હિતોને અલગ કે વિરોધી ગણે ત્યારે વિચારધારાને શું કહેવાય.?
(A) કોમવાદ (B) બિનસાંપ્રદાયિકતા (C) સાંપ્રદાયિકતા (D) સમસ્યા
48.ઓસ્ટ્રેલીયાની અરુન્ટા આદિવાસી જાતિના ધર્મના અભ્યાસના આધારે દુર્ખિમે કેટલી ધાર્મિક વિધિઓ દર્શાવી છે?
(A) 4 (B) 6 (C) 8 (D) 10
49.વ્યક્તિ કે જૂથને તેમનો મૂળ ધર્મ છોડીને અન્ય ધર્મ તરફ વાળવાની પ્રવૃતિને શું કહેવાય ?
(A) આધુનિકરણ (B) યાંત્રીકરણ (C) પશ્ચિમીકરણ (D) ધર્માંતરણ
50. બિનસાંપ્રદાયિક કયો દેશ છે?
(A) ભારત (B) પાકિસ્તાન (C) કોરિયા (D) એકપણ નહીં